# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ જાહેરાત ક્રમાંકઃ **૧૫૨/૨૦૧૮૧૯ થી ૧૬૬/૨૦૧૮૧૯** પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ હતા. અને ઉકત અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં વર્ણવ્યા મુજબની પ્રથમ તબક્કાની MCQ - OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી માર્ચ -૨૦૨૦ ના માસ દરમ્યાન યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. જે કોવિડ-૧૯ ની મહામારીના કારણે મોકૂફ રાખવામાં આવેલ હતી. જે હવે આગામી ફેબ્રુઆરી – ૨૦૨૧ ના માસ દરમ્યાન ગાંધીનગર/અમદાવાદ ખાતેના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

**અનિવાર્ય કારણોસર આ કાર્યક્રમમાં મંડળ ફેરફાર કરી શકશે.**

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પરીક્ષાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૬૬/૨૦૧૮૧૯ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૦૬/૦૨/૨૦૨૧<br>બપોરે ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાકે<br>(ગાંધીનગરના પરીક્ષા કેન્દ્રો ખાતે) |
| ૨ | ૧૫૩/૨૦૧૮૧૯ | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) | ૦૭/૦૨/૨૦૨૧<br>સવારે ૧૧-૦૦ થી ૧૨-૩૦ કલાકે<br>(ગાંધીનગર/અમદવાદના પરીક્ષા કેન્દ્રો ખાતે) |
| ૩ | ૧૫૨/૨૦૧૮૧૯ | અધિક મદદનીશ ઇજનેર (વિદ્યુત) | ૦૭/૦૨/૨૦૨૧<br>બપોરે ૧૫-૦૦ થી ૧૬-૩૦ કલાકે<br>(ગાંધીનગરના પરીક્ષા કેન્દ્રો ખાતે) |

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. તેમજ રદ થયેલ અરજીપત્રકોની વિગતો ( પરીક્ષા ફી ન ભરવાના કારણસર અને એક કરતાં વધુ અરજી કરેલ હોય તેવા કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક ગ્રાહ્ય રાખીને બાકીના અરજીપત્રકો ડુપ્લીકેશનના કારણસર રદ ગણવામાં આવેલ છે તેવા અરજીપત્રકોની) મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.



સ્થળઃ- ગાંધીનગર

તા. ૧૧/૦૧/૨૦૨૦

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર